नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

| Question Booklet No. |
|---|
| |

No. of Questions – **20**

No. of Printed Pages – **7**

**S-73-Gujarati (T.L.)**

# माध्यमिक परीक्षा, 2025
# SECONDARY EXAMINATION, 2025

## ગુજરાતી
## गुजराती
## (GUJARATI)
## (THIRD LANGUAGE)

**समय : 3 घण्टे 15 मिनट**

**पूर्णांक : 80**

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

3) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આન્તરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

## વિભાગ – અ (A)

**1. નીચેના પ્રશ્નોના સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો.**

1) કવિ અખાના મતે કોના વિના ભક્તિ ન થઈ શકે ? [1]
   A) જ્ઞાન વિના B) પૈસા વિના
   C) સંસાર વિના D) મંદિર વિના

2) નરસિંહ મહેતાને મદદે આવેલા ભગવાને કયું નામ ધારણ કર્યું હતું ? [1]
   A) પ્રેમાનંદ દોશી B) દામોદર દોશી
   C) અમર જોશી D) રમણલાલ શેઠ

3) ફૂલનું મુખડું કવિને કેવું લાગે છે ? [1]
   A) સૂકું B) લીલું
   C) સુંદર D) અસુંદર

4) 'હવે કોઈને' કવિતામાં કવિને શું માફક આવતું નથી ? [1]
   A) મધુરતા B) દાનવતા
   C) દૂધ D) માનવતા

5) 'ટ્રેન' કવિતામાં કવિ 'યાયાવર' કોને કહે છે ? [1]
   A) આકાશને B) ટ્રેનને
   C) સાંજને D) સ્ટેશનને

6) સૂર્યને કોણ આકાશમાં ધકેલી દે છે ? [1]
   A) વરસાદ B) દિવસ
   C) દરિયો D) શિયાળો

7) બાદશાહે બાળક માટે શું લાવવાનો આદેશ કર્યો ? [1]
   A) દૂધનો કટોરો B) ચાયનો કપ
   C) પાણીનો ગ્લાશ D) ગરમ પાણી

8) પાટણમાં આવેલી અનાજની વખારો કોની હતી ? [1]
   A) વિશળદેવની B) જગડુશાની
   C) લેખકની D) કોટવાલની

9) ડૉ. કિરણ બેદીના માતા–પિતા કઈ રમતના ખેલાડી હતા ? [1]

A) કબડી અને ખો–ખો
B) ક્રિકેટ અને દોડ
C) બેડમિન્ટન અને ટેનિસ
D) ફૂટબોલ અને વોલિબોલ

10) બાળપણમાં લેખક મા સાથે માટી લેવા કયા સ્થળ જતા ? [1]

A) રેતીખાણે
B) તળાવતીરે
C) નદીકિનારે
D) માટીખાણે

11) રીક્ષાવાળો કોનું ઘર શોધી રહ્યો હતો ? [1]

A) ડૉ. મહેતાનું
B) પોતાનું
C) જીતુનું
D) નિલમનું

12) 'વેલી ઓફ ફલાવર્સ' સાથે કઈ પ્રાચીન કથા જોડાયેલી છે ? [1]

A) બિરબલની
B) રામ-રાવણ યુદ્ધ સમયની
C) મહાભારતની
D) નવદુર્ગાની

13) 'ગગન' નો સમાનાર્થી શબ્દ કયો છે ? [1]

A) અનલ
B) ગમલો
C) આકાશ
D) પાતાળ

14) 'માનવતા' નો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો. [1]

A) માણસ
B) રાઘવ
C) મલિન
D) પશુતા

15) 'સહાનૂભૂતિ' શબ્દની સાચી જોડણી કઈ છે ? [1]

A) સહાનુભૂતિ
B) સહાનૂભુતિ
C) સહાનુભૂતી
D) સહાનુભુતિ

16) 'કેમ ભાઈ મોડો પડયો ?' વાકયનો પ્રકાર જણાવો. [1]

A) ઉદ્‌ગાર વાક્ય
B) પ્રશ્નાર્થ વાક્ય
C) પૂર્ણવિરામ વાક્ય
D) અર્ધ વાક્ય

17) 'મહાદેવનો ગભરું જીવ રડી ઊઠયો.' વાકયમાં નીચેનામાંથી કયું વિશેષણ છે ? [1]

A) જીવ
B) મહાદેવ
C) ગભરું
D) રડી

18) 'આ ગામમાં વિશેષ ખેતરો પણ આવેલા છે.' વાકયમાં સંજ્ઞા ઓળખાવો. [1]

A) ગામ, ખેતરો
B) વિશેષ
C) આ
D) પણ

**2. નીચે આપેલા પ્રશ્નોમાં રિક્ત સ્થાનની પૂર્તિ કરો.**

1) એક પરમેશ્વરને ________ પંથ. **[1]**

2) ________ ઢળીને ચાલી ટ્રેન, સ્ટેશન ખાલી, ખાલી ટ્રેન. **[1]**

3) દાંત નહોતા ફૂટયાં ત્યારથી માટી ખાતા________. **[1]**

4) રિક્ષામાં પ્રૌઢ વયની એક ________ બેઠેલી હતી. **[1]**

5) જ્યારે વાક્યમાં કોઈ આશ્ચર્ય, આનંદ, આઘાત, દુઃખ વગેરે ભાવ વ્યકત કરવા માટે વપરાય તેને ______ ચિહ્‌ન કહેવાય છે. **[1]**

6) 'લાભ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ ________ થાય છે. **[1]**

**3. નીચેના અપઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

જ્ઞાન જ્યારે માનવીના મનને કોઈ ચોક્કસ માળખા સાથે પ્રતિબદ્ધ કરતી પરંપરાઓમાં પરિવર્તિત થાય છે ત્યારે તે હાનિકારક બને છે. કેમ કે એ માનવીઓને વિભાજિત કરે છે. તેમની વચ્ચે દુશ્મનાવટ સર્જે છે અને સત્યની ઊંડી શોધને અવરોધે છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વ્યકિત સ્વસ્થપણે તટસ્થ રીતે વિચારી શકે તથા સમસ્યાઓનો સમગ્ર રીતે ઉકેલ લાવવાની બુદ્ધિ શક્તિ વિચારી શકે વિચારો નહીં પણ વિચારોની પ્રક્રિયાનું શિક્ષણમાં મહત્વનું સ્થાન છે. કેળવણીકારોએ તદ્દ્ન આરંભથી પ્રેમની  શકિતનો એટલે કે નમ્રતાનો, સજ્જનતા, વિચારશીલતા, ધૈર્ય અને વિવેકનો વિકાસ કરવો જોઈએ.

**પ્રશ્ન :**

1) જ્ઞાન ક્યારે હાનિકારક બને છે ? **[1]**

2) શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ શું છે ? **[1]**

3) શિક્ષણમાં શાનું સ્થાન મહત્વનું છે ? **[1]**

4) કેળવણીકારોએ આરંભથી શાનો વિકાસ કરવો જોઈએ ? **[1]**

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **[1]**

**નીચેનો પઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

ખુલ્લી રાખેલી ધૂળ–વિભૂષિત માખી–સ્પર્શિત પાણીપુરી ઝાપટો યુવાનો ! સડેલા બટાટાના ખોરા તેલમાં તળેલા પણ રંગે રાતામાતા સુગંધ મહોરતા સમોસા પર તૂટી પડો ! વીર યુવાનો ! આપણા બાપાઓ પણ ચાર દિવસના વાસી તીખા તમતમતા તૈલમરચાં પ્લવીત ભજિયાં આમ જ આરોગતા ! આપણા પિતાશ્રીઓના નામને રોશન કરો. ડોકટરોની ચેતવણીઓથી ડરશો નહી ! મ્યુનિસિપલ હેલ્થ ખાતું ડરપોક છે. એના ઓફિસરો બીકણ બિલાડી છે, ગભરુ છે. બેકટેરિયાથી વળી ડરવાનું શું ? ડરશો નહીં.

પ્રશ્ન :

6) યુવાનોને લેખક કેવી પાણીપુરી ઝાપટવાની સલાહ આપે છે ? **[1]**

7) લેખક કેવા સમોસા પર તૂટી પડવા કહે છે ? **[1]**

8) આપણા બાપદાદા કેવા ભજીયા આરોગતા હતા ? **[1]**

9) કયા ખાતાના ઓફિસરો બિકણ બિલાડી છે ? **[1]**

10) લેખક કોનાથી ડરવાની ના પાડે છે ? **[1]**

**નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

11) નીચે આપેલી સંધિનો વિગ્રહ કરો.

1) સ્વેચ્છા **[½]**

2) નગાધિરાજ **[½]**

12) નીચે આપેલા સમાસનો વિગ્રહ કરો.

1) ઘઉંચણા **[½]**

2) પંચેન્દ્રિય **[½]**

## વિભાગ – બ (B)

**નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાકયમાં ઉત્તર લખો.**

**4.** અખો ભગત કેવા લોકોને મૂરખ ગણાવે છે ? **[2]**

**5.** કવિ કોની સાથે રમવા ઈચ્છે છે ? શા માટે ? **[2]**

6. ટ્રેન કઈ પ્રાણાલીનું પાલન કરે છે ? [2]

7. ડૉ. કિરણબેદી સેક્રેટરીની રીતભાત જોઈને કઈ પ્રતિજ્ઞા લે છે ? [2]

8. મહાદેવ શા માટે રડવા જેવો થઈ ગયો ? [2]

9. પ્રકૃતિને શા માટે માતા ગણવામાં આવી છે ? [2]

10. કઠિયારા જે વૃક્ષ કાપી રહ્યા હતા તે કેવું હતું ? [2]

11. **નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો.**

1) આંખ ખૂલી જવી [½]
2) જીભ ન ઉપડવી [½]
3) દહીં–દૂધમાં પગ રાખવો [½]
4) મોંમાં પાણી આવવું [½]

12. **નીચે આપેલ શબ્દાની સંધિ જોડો.**

1) હર્ષ + આવેશ [½]
2) અથ + ઈતિ [½]
3) અતિ + અંત [½]
4) વિ + અતિરેક [½]

13. **નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.**

1) કમળ [½]
2) કાયા [½]
3) ઘોડો [½]
4) ચક્ષુ [½]

## વિભાગ – સ (C)

**નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ચાર)**

14. ગવરીબાઈએ કેવી રીતે હરિગુણ ગાયા હતા ? [3]

**(અથવા)**

ફૂલોની વિશેષતા રજૂ કરતા કવિ શું કહે છે ?

15. 'હવે કોઈને' કવિતાનો ભાવાર્થ લખો. [3]

**(અથવા)**

કવિએ સૂર્યને ઠોઠ નિશાળિયો શા માટે કહ્યો છે ?

16. બિરબલ કરતા બાળક વધુ બુદ્ધિશાળી હતો એવું શાના આધારે કહી શકાય ? [3]

**(અથવા)**

જગડુશાની વખારોમાં તાંબા પતરા પર શું લખેલું હતું ?

17. 'બાપુજી' પાઠમાં બાપુજીના અંતિમ શબ્દો ક્યા હતા ? [3]

**(અથવા)**

"ઓછી અક્કલથી દૂકાળ પડે છે." પાઠમાં વિપ્રાસર તળાવની વિશેષતાઓ જણાવો.

## વિભાગ – ૬ (D)

**નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

18. જો પાણી ન મળે તો માનવજાતનું શું થાય તે અંગે તમારા વિચારો જણાવો. [3]

**(અથવા)**

તમારા ઘરની આસપાસ આવેલા કોઈ મંદિરની શોભાનું વર્ણન કરો.

19. તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ લખો. [4]

**(અથવા)**

તમારી શાળામાં સ્વાતંત્ર્યદિનની ઉજવણીનો અહેવાલ લખો.

20. **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** [5]

1) મારો પ્રિય તહેવાર
2) પરિશ્રમ એજ પારસમણિ
3) જીવનમાં રમતગમતનું મહત્વ
4) દીકરી, ઘરની દીવડી

DO NOT WRITE ANYTHING HERE